**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૨ ડીગ્રી
લઘુતમ : ૨૩.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૩૧ ટકા

# સોશિયલ એન્ડ મોટિવેશન ટ્રસ્ટ દિલ્લીના વાર્ષિકોત્સવમાં મુખ્ય અતિથિ ડૉ ગુલાબ ચંદ પટેલ




ગાંધીનગર, તા.૯

સોશિયલ એન્ડ મોટિવેશન ટ્રસ્ટ દિલ્લી દ્વારા આયોજીત વાર્ષિકોત્સવમાં ગાંધીનગરના વરિષ્ઠ હિન્દી સાહિત્યકાર પ્રમુખ ગાંધીનગર સાહિત્ય સેવા સંસ્થાન ચેરિટેબલ ટ્રસ્ટ, સામાજિક કાર્યકર વ્યસન મુક્તિ અભિયાન પ્રણેતા, બ્રેસ્ટ કેન્સર જાગૃત અભિયાન, અને આત્મહત્યા નિવારણ કાર્યક્રમ યોજનાર ડૉ ગુલાબ ચંદ પટેલ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉ ગુલાબ ચંદ પટેલનું ટ્રોફી અને ખેસ પહેરાવી અધ્યક્ષા મમતા સિંહ સોશિયલ મોટિવેશન દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ડૉ પટેલ દ્વારા અષાઢ કે બાદલ કવિતા હિન્દીમાં પ્રસ્તુત કરી હતી. મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થા ગુજરાતના પ્રમુખ ડૉ ગુલાબ ચંદ પટેલ અને કોષાધ્યક્ષ કાંતિભાઈ પટેલ દ્વારા સોશિયલ મોટિવેશન ટ્રસ્ટના અધ્યક્ષા મમતા સિંહનું સમ્માન સન્માન પત્ર આપી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મહાત્મા ગાંધી સાહિત્ય સેવા સંસ્થાના પંજાબ શાખાના અધ્યક્ષ મનોજ ફગવાડવિ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. ડૉ પટેલ દ્વારા કાર્યક્રમમાં પોતાનું પ્રવચન કર્યું અને ગુજરાતી ભાષામાં આભમાં ઊગેલ ચાંદલો ગીત રજૂ કર્યું હતું.

# ફેન્સીગ એસો.ના સરકાર સાથે એમઓયુ કર્યુ

## ફેન્સીગ રમતની રાષ્ટ્ર અને આતરરાષ્ટ્રીય સ્પર્ધાઓનુ આયોજન સરળ બનશે

ગાંધીનગર, તા.૯

ગુજરાતની રમતગમત નીતિને અનુરૂપ અને ૩૬મી નેશનલ ગેમ્સની સફળતાના પગલે, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતે વિવિધ રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતગમતના કાર્યક્રમોનું આયોજન કરવાના ઉદ્દેશ્ય સાથે અન્ય રાજ્યોના રમતગમત સંગઠનો સાથે જોડાણ કરવાની યોજના બનાવી છે.

આ પહેલ સમગ્ર ભારતમાં ગુજરાત દ્વારા કરવામાં આવી છે. જે રમતગમત ક્ષેત્રને વિકાસ તરફ દોરી જશે અને ગુજરાતને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સ હબ તરીકે આગળ ધપાવશે. તેના સંદર્ભમાં, તબક્કાવાર રીતે ૧૪ રાજ્ય રમતગમત સંગઠનો સાથે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. એમેચ્યોર ફેન્સીગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટ દ્વારા પણ સરકારના રમતગમત વિભાગ સાથે રમતગમત મંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમા




એમ.ઓ.યુ. કરવામા આવેલ છે. આ પ્રસંગે રમતગભત યુવા અને સા.પ્ર. વિભાગના સચિવ અશ્વિની કુમાર, એસ.એ.જી.ના સચિવ રૂષિન ભટ્ટ તથા ફેન્સીગ એસોસીએશન તરફથી પ્રમુખ મુકેશભાઈ ચૌધરી, ખજાનચી રીગ્નેશકુમાર અને એડમીન મેનેજર ચંદ્રેશ વાઘેલા ઉપસ્થિત રહ્યા હતા. ફેન્સીગ એસોસીએશનના મહામંત્રી ભરતજી ઠાકોરે એસ.એ.જી. અધિકારીઓ સાથે મળીને એમ.ઓ.યુ. ડ્રાફ્ટ ફાયનલ કર્યો હતો. તેઓ બલ્ગેરીયા ખાતે વર્લ્ડ ફેન્સીગ ચેમ્પિયનશીપ માટે ભારતીય ટીમના હેડ ઓફ ધ ડેલીગેશન તરીકે દેશનુ પ્રતિનિધિત્વ કરતા હોઈ મીટીગમા ઉપસ્થિત રહી શક્યા ન હતા. પ્રમુખ મુકેશભાઈ એસોસીએશન વતી એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા હતા. આ એમ.યુ. થવાથી ફેન્સીગ રમતની રાષ્ટ્રીય અને આતરરાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓનુ આયોજન કરવુ સરળ બનશે. સરકારના આ પગલાને ફેન્સીગ એસોસીએશને આવકાર્યો છે.



શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર સરગાસણ શાખા દ્વારા શ્રી સત્યનારાયણ ભગવાનની સામુહિક કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી દર્શન કરીને નગરજનોની સુખાકારી તેમજ સર્વાંગી ઉન્નતિ હેતુ મંગલ કામના કરી હતી. આ અવસરે ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર ભાજપ પ્રમુખ રુચિરભાઈ ભટ્ટ, કાઉન્સિલરો, સમાજના આગેવાનો તેમજ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ.મારવાડી ખુશી દિનેશભાઈ** ઉ.વ.૦૨, આદીવાડા
- **સ્વ.મારૂડા ઈન્દુભાઈ પ્રભુદાસ** ઉ.વ.૭૫, ચરેડી છાપરાં
- **સ્વ.પટેલ કમળાબેન ચુનીલાલ** ઉ.વ.૭૦, રાંધેજા
- **સ્વ.પરમાર લીલાબેન કાંતિલાલ** ઉ.વ.૮૬, ગાંધીનગર
- **સ્વ.વાઘેલા બબીબેન કેશાભાઈ** ઉ.વ.૬૭, પેથાપુર
- **સ્વ.દાસગુપ્તા દિપકકુમાર દેવપ્રસાદ** ઉ.વ.૭૩, કુડાસણ
- **સ્વ.સોલંકી લીલાબેન માનાજી** ઉ.વ.૮૩, આલમપુર



ચાંદખેડાના વાઘેલા રાજપૂત સમાજે બાળકો દ્વારા મહાકાળી માતાજીનો હવન કરાવ્યો હતો. આજકાલ બાળકોથી લઈ મોટેરા તમામ મોબાઈલને રવાડે ચડેલા છે. બાળકો મોબાઈલ સાથે ધાર્મિક બને અને સંસ્કારનું સિંચન થાય તે આશયથી બાળકો પાસે હવન વિધિ કરાવી અને અનોખો ચીલો ચાતર્યો હોવાનું ભરતસિંહ વાઘેલા એ જણાવ્યું છે.

# 'સૌથી પહેલાં રાષ્ટ્ર અને સંસ્કૃતિ, પછી જ બીજું' તેવાં આપીએ સંસ્કાર

## આશરે ૨૨ વર્ષથી લગલગાટ છાપરાં વિસ્તારમાં જરૂરિયાતમંદ વર્ગના બાળકોને "અક્ષરજ્ઞાન" આપવા સાથે તેમનું સંસ્કાર સિંચન કરતાં સેવા ભેખધારી પ્રવિણભાઇ બરોલીયા રામી : 'નેચર ફર્સ્ટ'ની પ્રકૃતિ વિષયક સહિત વિવિધ રાષ્ટ્રવાદી પ્રવૃતિઓમાં પણ તેઓ સ્વયંસેવક તરીકે સેવાઓ આપે છે

ગાંધીનગર, તા.૦૯

બાળક એ તો કુમળા છોડ જેવું હોય છે, તેને જે તરફ વાળો તે તરફ વળે છે તે કહેવત જાણીતી છે. બાળક પછી ધનાઢ્ય પરિવારનું હોય કે ગરીબ ઘરનું પરંતુ તેને બાળપણમાં આપવામાં આવતાં સંસ્કાર જ તેના જીવનની દિશા નક્કી કરે છે. આપણે સૌ જાણીએ છીએ કે કેન્દ્ર સરકાર દ્વારા નવી શિક્ષણનીતિ અમલમાં મુકવામાં આવી રહી છે જેમાં ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્રવાદને આધાર બનાવીને અગાઉની નીતિ કરતાં ધરખમ ફેરફારો કરવામાં આવ્યાં છે. આપણાં દેશમાં અનેક શિક્ષકો




એવાં છે જેઓ પોતાના વિદ્યાર્થીઓને સારા શિક્ષણ સાથે સારા સંસ્કાર આપવા અંગત રસ લઈને મહેનત કરતાં હોય



છે અને તે સાથે અનેક એવાં સેવાભેખધારીઓ પણ જોવા મળે છે જેઓ કોઈપણ સ્વાર્થ કે વળતર વગર પોતાની "ગાંઠનું ગોપીચંદન" કરીને પણ છેવાડાના વંચિત બાળકોને શિક્ષણમાં મદદરૂપ થવા સાથે સુસંસ્કૃત બનાવવા જીવનભર પોતાની જાત ઘસી નાંખે છે. ગાંધીનગરમાં હાલ સેક્ટર-૧૪માં રહેતાં પ્રવિણભાઈ બરોલીયા ઉર્ફે પ્રવિણભાઈ રામી નામના એવા જ એક સેવા ભેખધારી વસે છે જેઓ છેલ્લાં આશરે ૨૨ વર્ષથી લગલગાટ ચરેડી છાપરાં વિસ્તારમાં જરૂરિયાતમંદ વર્ગના બાળકોને "અક્ષરજ્ઞાન" આપવા સાથે તેમનું સંસ્કાર સિંચન કરી રહ્યાં છે. આજે તો તેમના વર્ગોમાં અનેક બાળકો એવાં પણ આવે છે જેમના વાલીઓ પોતે પહેલાં પ્રવિણભાઈના વર્ગોમાં જ્ઞાન મેળવી ચુક્યાં છે.

ધંધુકા ખાતે ૧૯૮૦ના દાયકામાં હીરા ઘસવાનું કામ કરતાં પ્રવિણભાઈને હીરા ઉદ્યોગમાં તે વખતે મંદી આવતાં આર્થિક ઉપાર્જન અંગે મુશ્કેલી સર્જાઇ હતી. આ સમયે ન્યુ એસએસએસી પાસ પ્રવિણભાઈને તેમના નાના ગાંધીનગરમાં રહેતાં માસીના ઘરે મુકી ગયાં જ્યાં તેઓ શરૂઆતમાં તેમના માળી સમાજના પરંપરાગત ફુલોના વ્યવસાય સાથે જોડાયાં હતા. જોકે બાળપણથી જ ભારતીય સંસ્કૃતિ અને સંસ્કારોથી પ્રભાવિત પ્રવિણભાઈને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પ્રત્યે પણ પહેલેથી ખેંચાણ હતું. ફુલના વ્યવસાય સાથે જ સેક્ટર-૨૧માં કૉ-ઓપરેટીવ પ્રિન્ટિંગ પ્રેસ ખાતે એપ્રેન્ટીસ તરીકે જોડાઈને તે સમયના પ્રિન્ટિંગ પ્રેસનું કામ તેઓ શીખ્યાં હતાં જેના આધારે તેમણે સરકારી પ્રેસમાં નોકરી માટે પ્રયાસો હાથ ધર્યા હતા. વર્ષ ૧૯૮૪માં તેમના ઈડરના કપિલાબેન રામી સાથે લગ્ન થયાં અને બે વર્ષ પછી ત્રીજા પ્રયાસે વર્ષ ૧૯૮૬માં તેમને સરકારી પ્રેસમાં આસિસ્ટન્ટ મશીનમેન તરીકે નોકરી મળી હતી અને પછી તેના પગલે સરકારી આવાસ પણ મળ્યું. સેક્ટર-૨૨માં જ્યાં આર્થિક સંકડામણ સાથે બે બાળકો સાથેના પરિવારમાં તેઓ ૧૫ વર્ષ રહ્યાં ત્યાં કપિલાબેન ઘરેથી સાડી અમે ડ્રેસ મટિરિયલ વેચવાનો વ્યવસાય ચલાવીને મદદરૂપ બનતા હતાં. બાળપણથી જ આરએસએસની પ્રવૃતિઓ પ્રત્યે લગાવ ધરાવતાં હોવાથી નિયમિત શાખાએ જતા પ્રવિણભાઈએ ૧૯૯૯માં ધોળકામાં કલિકુંડ ખાતે યોજાયેલી ત્રણ દિવસની શિબિરમાં ભાગ લીધો હતો અને તે પછી તેમણે જીવનમાં કંઈક નવું ઉપયોગી કાર્ય કરીને પોતાની ઓળખ કેળવવી છે અને આ માટે તેમણે સંઘની શિવાજી પ્રભાત શાખામાં ઘટનાયક તરીકે શહેરની સેવાવસ્તી કહેવાતી ઝુંપડપટ્ટી વિસ્તારમાં જરૂરિયાતમંદ વર્ગના શ્રમજીવી પરિવારના બાળકોને અક્ષરજ્ઞાન આપવાનું કાર્ય સ્વિકાર્યુ હતું.

ગાંધીનગરથી પેથાપુર જતાં જીઇબી રોડ પરના ચરેડી છાપરાં વિસ્તારમાં કોઈપણ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર દરરોજ નિયમિત રીતે સાંજે ત્રણ કલાક તેઓ તેમના વર્ગ ચલાવતાં જ્યાં બાળકો તેમની શાળા પતાવીને આવતાં હતાં. શરૂઆતમાં બાળકોને લાવવામાં ઘણી તકલીફ પડી જેમાં તેમના મા-બાપને સમજાવવા, બાળકોને બાળ મજુરીએ જવાને બદલે વર્ગમાં આવવા પ્રોત્સાહિત કરવા તેમજ ખુલ્લાં મેદાનમાં અનેક અસુવિધાઓ સાથે દરેક ઋતુમાં વર્ગો નિયમિત



રીતે ચલાવવા જેવા મુશ્કેલ કાર્યો છતાં તેઓ ડગ્યા નહીં. તેમની સાથે સંઘના અન્ય કાર્યકર્તાઓનો સાથ પણ મળી રહેતો હતો જોકે બે-ત્રણ વર્ષે કોઈને કોઈ કારણથી સ્વયંસેવકો બદલાતાં રહ્યાં છતાં "સાહેબ" તરીકે બાળકોના પ્રિય બનેલાં પ્રવિણભાઈ એક તરફ અડીખમ રહેતાં.

છેલ્લાં ૨૨ વર્ષથી બાળકોને સાચવવાં-ભણાવવા સાથે વિવિધ રમતો અને મનોરંજક પ્રવૃતિઓ થકી વ્યવહારું જ્ઞાન આપવું અને તે ઉપરાંત બાળકોમાં ભારતીય સંસ્કૃતિ અને રાષ્ટ્ર પ્રત્યે પ્રેમ આદરની ભાવનાનું સિંચન કરવું અને તે સાથે સાથે બાળકો વ્યસન જેવા કુછંદે ના ચઢે તે માટે પણ માર્ગદર્શન કરતાં રહેવું તે તેમના વર્ગોનું મુખ્ય કાર્ય રહ્યું છે. તેમના કાર્યમાં કડી સર્વ વિદ્યાલયના ડો.સોમભાઈ પટેલનું માર્ગદર્શન અને મદદ પણ તેમને મળતાં રહ્યાં. બાળકોને સ્ટેશનરી સહિતની વિવિધ જરૂરિયાતો માટે મદદરૂપ થવા ઉપરાંત તેઓ અનેકવાર બાળકોને શહેરના વિવિધ સ્થળોના પ્રવાસે પણ લઈ જાય છે.

તાજેતરમાં યોજાયેલા પ્રમુખ સ્વામી શતાબ્દી મહોત્સવમાં પણ તેઓ બાળકોને લઈને ગયાં હતાં અને તેમને ભીડમાં ખોવાઈ ના જાય તે માથે એકજુટ રાખવાં હાથમાં તિરંગો પકડાવ્યો હતો. પ્રવિણભાઈએ બાળકો અને તેમના પરિવારોનો એટલો વિશ્વાસ કેળવી લીધો છે કે તેમના માટે તો "સાહેબ" કહે તે જાણે સોનાની લકીર. તેઓ તેમના વર્ગમાં આવતાં બાળકોના જન્મદિને પોતાના ખર્ચે બાળકને ભેટ આપી ઉજવણી કરે, દરેક ઉત્સવોની ઉજવણી કરતાં તેનું મહત્વ પણ સમજાવે છે અને બાળકોમાં બચતનું મહત્વ સમજાય, વ્યસન પાછળ નાણાં ના વેડફાય અને તેમની જરૂરિયાતોને પંહોચી વળવાનું આયોજન આવડે તે માટે તેઓ બાળકોની એક નાની બચત યોજના પણ ચલાવે છે જેમાં બાળકે બચાવેલાં નાણાંમાં પોતાનો ફાળો ઉમેરીને તેમને મદદરૂપ થાય છે.

છેલ્લાં ઘણા સમયથી સેક્ટર-૧૪માં પોતાનું મકાન બનાવીને સ્થાયી થયેલાં પ્રવિણભાઈ બરોલીયા રામી તેમની સરકારી નોકરીમાંથી વર્ષ ૨૦૧૯માં નિવૃત થયાં અને વર્ષ ૨૦૨૨માં ઓગસ્ટ માસમાં તેમના ધર્મપત્નિ કપિલાબેન રામી કેન્સરની બિમારી સામે ઝઝુમતાં ઝઝુમતાં સ્વર્ગવાસી થઈ ગયાં. આ આકરા આઘાતને પણ પ્રવિણભાઈએ તેમના સરળ સ્વભાવ તળે કેવી રીતે ઝીલી લીધો તે તો તેમનું મન જ જાણે છે પરંતુ આજે પણ તેઓ તેમના વર્ગોમાં હંમેશાંની જેમ નિયમિત છે.

આ સાથે તેઓ સેક્ટર-૧૪માં પણ વિવિધ સેવાકીય અને રચનાત્મક પ્રવૃતિઓ સાથે કાર્યરત રહેવા સાથે શહેરની પ્રકૃતણા સરંક્ષણ અને સંવર્ધન માટે કાર્યરત સંસ્થા "નેચર ફર્સ્ટ" સાથે જોડાઈને પૂર્વ ગૃહમંત્રી મહેન્દ્રભાઇ ત્રિવેદી અને સંસ્થાના પ્રણેતા એન.પી.પટેલ સહિતના પ્રકૃતિ સ્વયંસેવકો સાથે દરેક આયોજનમાં સ્વયંસેવક તરીકે સેવા આપે છે જેમાં છેલ્લાં લગલગાટ ૮૭ શનિવારથી સ્વચ્છતા અભિયાન યોજાય છે. આ સાથે તેઓ શહેરના પેરા લીગલ વોલિયન્ટર જયરામભાઈ સોની સાથે જોડાઈને શાળા-કોલેજોમાં બાળકોમાં પોસ્કો એક્ટ અંગે જાગૃતિ ફેલાવવા સહિત વિવિધ કાનુની સલાહ-મદદનું સેવાકાર્ય પણ કરે છે. હાલ શહેરમાં ચાલી રહેલી શ્રી હનુમાન ચાલીસા કથામાં પણ ખડેપગે સેવા આપી રહેલાં પ્રવિણભાઈ રામીની ખાસિયત એ છે કે ક્યારેય કોઈની પાસે દાન નથી માંગતાકે ક્યારેય તેમની સેવાપ્રવૃતિથી નાસીપાસ નથી થયાં. તેઓ હંમેશા બાળકોને એક વાત જરૂર શીખવે છે કે "પહેલાં આપણું રાષ્ટ્ર અને આપણી સંસ્કૃતિ છે, પછી જ બીજું બધુ છે."

પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com





# જન્મદિને વધામણી



ઉષાબેન ક્રિશ્ચિયન
મો. ૯૦૯૯૩ ૪૨૪૦૯



શૈલેન્દ્ર વી. સોલંકી
પ્રેસ ફોટોગ્રાફર,
ગાંધીનગર સમાચાર
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



ચીમનભાઈ આર સોલંકી
મો. ૯૮૨૪૫ ૦૧૭૫૬



હિતેષ ચાંગલાની



પરમહંસ સ્વામી
સ્વામીનારાયણ ગુરુકુલ સે-૨૩
મો. ૬૩૫૨૬ ૦૧૬૫૦



રવિરાજસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬



અનુષ્કા પ્રકાશભાઈ સોલંકી



જમીલ હીરેનભાઈ મહિડા



પી.જે. રાઠોડ
ઉપપ્રમુખ ડેમોક્રેટીક પીપલ્સ એસો. (ગુજ.), ગાંધીનગર
મો. ૯૯૦૯૫ ૪૭૨૧૫



વાઘેલા ધનરાજસિંહ રાજેન્દ્રસિંહ